**<u>મહેમદાવાદના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. મહેમદાવાદ.</u>**

**<u>ક્રિમીનલ કેસ નંબર :– ૩/૨૦૨૬</u>**

**આંક :–**

**ફરીયાદી :–** **સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી :–** **કિશનભાઇ ઉર્ફે અજયભાઇ હસમુખભાઇ ધીરજભાઇ ડાભી**
ઉ.વ.૨૧, રહે. મહેમદાવાદ, હનુમાનપુરા, મારૂતી સોસાયટી, કાચ્છઇ રોડ, તા.મહેમદાવાદ, જી.ખેડા.

**<u>ગુન્હો :– બી. એન. એસ. એકટ ૨૦૨૩ ની કલમ ૧૦૩(૧) મુજબ</u>**

**<u>–: સેસન્સ કમીટ હુકમ :–</u>**

**(૧)** આ કામના આરોપી વિરૂદ્ધ મહેમદાવાદ પો.સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૦૪૦૪૧૨૫૧૦૧૭/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ – ૧૦૩(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અન્વયેનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ ઈન્સાફી કાર્યવાહી થવા સારું રજૂ કરવામાં આવેલ છે.

**(૨)** તપાસ કરનાર અમલદારે ફરિયાદીની ઉપરોક્ત મુજબના ગુન્હા સબબની ફરિયાદ અન્વયે ગુન્હાની તપાસ પૂર્ણ કરી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૧૦૩(૧) મુજબના ગુન્હા સબબ ચાર્જશીટ નામદાર અદાલતમાં તારીખ : ૦૫/૦૧/ ૨૦૨૬ ના રોજ દાખલ કરેલ છે. આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ તે સબબ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ – ૨૩૧ મુજબ ખાત્રી કરેલ છે. ત્યારબાદ આરોપી કિશનભાઇ હસમુખભાઇનું આંક – ૦૭ થી નિવેદન નોંધવામાં આવતા, તેઓએ જણાવેલ છે કે, તેઓ ખાનગી વકીલ તેઓના બચાવ સારું રોકવા માંગે છે તેમજ તેઓ નામદાર સેશન્સ અદાલતમાં કેસ ચાલતા સમય દરમ્યાન બચાવ માટે સરકાર તરફે મળતા વકીલની મદદ મેળવવા માંગતા નથી. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૧૦૩(૧) મુજબના ગુન્હા સબબ ચાર્જશીટ રજૂ થયેલ છે, તે ગુન્હા સબબની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માત્ર હકૂમત ધરાવતી નામદાર સેશન્સ કોર્ટને સત્તા પ્રાપ્ત છે. આથી, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** આરોપી કિશનભાઈ ઉર્ફે અજયભાઈ હસમુખભાઈ ધીરજભાઈ ડાભી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ – ૧૦૩(૧) મુજબના ગુન્હા સબબનો સદર કેસ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ – ૨૩૨ મુજબ નામદાર સેશન્સ અદાલતને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કેસનું રેકર્ડ તથા તમામ મુદામાલ સદરહું કોર્ટને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને નામદાર સેશન્સ કોર્ટ જ્યારે ફરમાન કરે ત્યારે નામદાર સેશન્સ કોર્ટમાં હાજર રહેવા આથી જાણ કરવામાં આવે છે.

**(૩)** સદર કેસ કમીટ કર્યા અંગેની જાણ પબ્લીક પ્રોસીકયુટરશ્રી, નડીઆદનાઓને મોકલી કરવી.

સદર હુકમ આજરોજ તારીખ **૨૦**'મી, માહે **માર્ચ,** સને **૨૦૨૬** નારોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખ :** ૨૦/૦૩/૨૦૨૬
**સ્થળ :** મહેમદાવાદ

**દેવદત્ત વી. વ્યાસ,**
જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
મહેમદાવાદ. **(જીજે ૦૧૬૫૯)**